# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)
# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એક્ટનં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)


નં. એસજીજીયુ/પરીક્ષા/૨૦૨૦/૨૫૫૯ તા.૦૬/૦૮/૨૦૨૦

**પરિપત્ર-૨૧૧૬**

વિષય : **શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી દ્વારા આગામી સમયમાં લેવાનાર પરીક્ષાઓ અંગેની માર્ગદર્શક સૂચનાઓ.**

સંદર્ભ : આ યુનિવર્સિટીનો તા.૦૧/૦૭/૨૦૨૦ નો પરિપત્ર-૨૦૮૯

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, વાણિજ્ય, વિનયન, શિક્ષણ અને કાયદા વિદ્યાશાખાની કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ, ભવનોના કો-ઓર્ડીનેટરશ્રીઓ અને સિનીયર સુપરવાઈઝરશ્રીઓને આગામી ઓગષ્ટ/સપ્ટેમ્બર-૨૦૨૦ માં લેવાનાર વિવિધ પરીક્ષાઓ સંદર્ભે નીચે અનુસારની બાબતોની નોધ લેવા અને તે મુજબ આયોજન કરવા, તૈયારીઓ હાથ ધરવા અને તેમનું પાલન કરવા અનુરોધ છે.

૦૧ પરીક્ષા કેન્દ્ર ખાતે આવનાર તમામ પરીક્ષાર્થીઓનું થર્મલ ગનથી તાપમાન ચેક કર્યાબાદ જ પ્રવેશ આપવાનો રહેશે. જો કોઈ વિદ્યાર્થીનું તાપમાન અસામાન્ય જણાય તો તેને પરીક્ષા કેન્દ્ર ખાતે પ્રવેશ આપવાનો રહેશે નહિ. આવા વિદ્યાર્થીઓ તેમજ કન્ટેન્ટમેન્ટ ઝોનમાંથી આવતા વિદ્યાર્થીઓ, કોરોના સંક્રમણનો ભોગ બનેલા વિદ્યાર્થીઓની (આ માટે સંબંધિત વિદ્યાર્થીઓએ જરૂરી આધાર-પુરાવાઓ રજુ કરવા આવશ્યક છે) તેમજ આ પરીક્ષા આપવા માંગતા ન હોય તેવા વિદ્યાર્થીઓની પરીક્ષા યુનિવર્સિટી દ્વારા કોરોનાની પરિસ્થિતિ સામાન્ય થયે લેવામાં આવશે અને આ પરીક્ષા ટ્રાયલ નહી રેગ્યુલર એટેમ્પટ ગણવામાં આવશે.

૦૨ પરીક્ષા શરુ થતા પહેલા, પરીક્ષા વચ્ચેના વિરામમાં અને પરીક્ષા પૂર્ણ થયા બાદ પરીક્ષામાં ઉપયોગમાં લેવાનાર તમામ વિસ્તાર સેનીટાઈઝ કરવાની જવાબદારી પરીક્ષા કેન્દ્ર નિયામકશ્રીની રહેશે.

૦૩ દરેક પરીક્ષાર્થીએ પરીક્ષા કેન્દ્ર અને સમગ્ર પરીક્ષા દરમિયાન માસ્ક ફરજીયાત પહેરવાનું રહેશે.

૦૪ પરીક્ષા કેન્દ્ર ખાતે પરીક્ષાર્થીઓનાં ટોળા ભેગા ન થાય તેની તકેદારી રાખવી.

૦૫ પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્રના તમામ વિસ્તારમાં ક્યાંય પણ સોશીયલ ડીસટન્સિંગનું ભંગ ન થાય તેની તમામ જવાબદારી પરીક્ષા કેન્દ્ર નિયામકશ્રીની રહેશે.

૦૬ પરીક્ષા કેન્દ્ર ખાતે પ્રવેશ આપતા પહેલા સેનીટાઈઝરની વ્યવસ્થા ફરજીયાત રાખવાની રહેશે.

૦૭ દરેક પરીક્ષા કેન્દ્ર ખાતે પરીક્ષા શરુ થવાના એક કલાક પહેલા પરીક્ષાર્થીઓને પ્રવેશ આપી દેવાનો રહેશે.

૦૮ દરેક પરીક્ષાર્થીએ પીવાના પાણીની બોટલ ઘરેથી જ લાવવાની રહેશે.

૦૯ દરેક સુપરવાઈઝરશ્રી માટે માસ્ક અને હાથ મોજાની વ્યવસ્થા ખાસ કરવાની રહેશે.

૧૦ પરીક્ષા દરમિયાન સુપરવાઈઝર દ્વારા મુખ્ય ઉત્તરવહી અગાઉથી સહી કર્યા બાદ જ આપવાની રહેશે અને હોલ-ટીકીટ એક સાથે ઉઘરાવી સહી કરી પરત આપવાની રહેશે.

૧૧ પરીક્ષા કેન્દ્ર ખાતે ફરજ બજાવતા તમામ અધ્યાપકશ્રીઓ અને કર્મચારીશ્રીઓએ સોશીયલ ડીસટન્સિંગનાં પાલન સાથે સઘળી કામગીરી બજાવવાની રહેશે.

૧૨ પરીક્ષા દરમિયાન બ્લોક અરેન્જમેન્ટ ૧૫ વિદ્યાર્થીઓનું કરવાનું રહશે.

૧૩ બ્લોકમાં બેઠક વ્યવસ્થા ઝીગ-ઝેગ પધ્ધતિ મુજબ કરવાની રહેશે. (દા.ત. એક વિદ્યાર્થીનો બેઠક નંબર ડાબી બાજુએ ગોઠવ્યો હોય તો તે પછીના વિદ્યાર્થીનો બેઠક જમણી બાજુએ ગોઠવવાનો રહેશે)

કા. કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
ગોધરા.

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, વાણિજ્ય, વિનયન, શિક્ષણ અને કાયદા વિદ્યાશાખાની કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ, ભવનોના કો-ઓર્ડીનેટરશ્રીઓ અને સિનીયર સુપરવાઈઝરશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
- સંબંધિત વિદ્યાર્થીઓ તરફ જાણ સારું.